k) In terms of MCA Circulars, voting can be done only by Remote-E-voting. As the Remote E-voting does not require a person to attend to a meeting physically, the members are strongly advised to use the Remote E-voting procedure by themselves and not through any other person/proxies. The Company will send Postal Ballot Notice in electronic form only and hard copy of Postal Ballot Notice along with Postal Ballot Forms and pre-paid envelop will not be sent to the members for this Postal Ballot and members are requested to communicate their assent and dissent through "Remote E-voting" system only.
l) In case shareholders/ investor have any queries regarding E-voting, you may refer the Frequently Asked Questions ('FAQs') and i-Vote e-Voting module available at https://www.evoting.nsdl.com/, under download section or you can email us to evoting@nsdl.com or call us at: 1800 22 54 22. Alternatively, you may also contact by writing an email to indouscs@gmail.com.

**For and on behalf of the Board of Directors of**
**Indo Us Bio-Tech Limited**
SD/- Jagdish Ajudia
Managing Director
DIN-01745951

**Date** : 15-10-2025
**Place** : Ahmedabad

# સેવા કાર્યોના અભ્યાસ કરવા માટે લાયન્સ ઇન્ટરનેશનલના ટોચના નેતાઓ અમદાવાદમાં



## ઇન્ટરનેશનલ પ્રમુખ એ.પી. સિંહની આગેવાની હેઠળ ૮૫ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને દિવાળી ઉજવણીનો પણ અનુભવ કરશે

**અમદાવાદ,** લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના એક્ઝિક્યુટિવ ઓફિસર અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનું એક પ્રતિનિધિમંડળ, ૧૪ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન અમદાવાદની મુલાકાતે આવ્યું છે. આ પ્રતિનિધિમંડળમાં ૨૫ દેશોના ૮૫ સભ્યોનો સમાવેશ થાય છે. લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના આંતરરાષ્ટ્રીય પ્રમુખ એપી સિંહના નેતૃત્વમાં, આ પ્રતિનિધિમંડળ તેમની મુલાકાત દરમિયાન, કેટલીક પ્રભાવશાળી સેવાકીય પહેલોનો અભ્યાસ કરશે.

લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક અગાઉ ભારતમાં ત્રણ વખત થઈ યોજાઈ છે, પરંતુ ગુજરાતમાં આ બેઠક પ્રથમ વખત યોજાઈ રહી છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય, લાયન્સ દ્વારા સંચાલિત સર્વશ્રેષ્ઠ સેવા પ્રોજેક્ટ્સનું પ્રદર્શન કરવાનો અને પ્રતિનિધિઓને ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાઓનો અનુભવ કરાવવાનો છે.

તેમની આ મુલાકાતના ઉદ્દેશ્યો અંગે લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલના આંતરરાષ્ટ્રીય પ્રમુખ એપી સિંહે જણાવ્યું હતું કે, "લાયન્સ કલબ્સ ઈન્ટરનેશનલ વિશ્વનું સૌથી મોટું સેવા સંગઠન છે, જે આરોગ્ય, શિક્ષણ અને સામાજિક કલ્યાણમાં માનવતાવાદી કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે જાણીતું છે. અમારું મિશન લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું છે. અમદાવાદમાં લાયન્સ સમુદાયે ઉલ્લેખનીય પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે અને અમે તેનો અભ્યાસ કરવા અને વિશ્વના અન્ય ભાગોમાં તેને લાગુ કરવા માટે ખુબજ ઉત્સુક છીએ.×

શ્રી સિંહે જણાવ્યું કે સમગ્ર ભારતમાં લાયન્સ કલબના ૬૦ ડાયાલિસિસ સેન્ટર, ૫૫ બ્લડ બેંક, ૧૭૫ આંખની હોસ્પિટલ, ૨૦૦થી વધુ શાળાઓ અને ૧૦૦થી વધુ પર્યાવરણ પ્રોજેક્ટ કાર્યરત છે. આ સંસ્થા સુરતમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કેન્સર હોસ્પિટલ વિકસાવી રહી છે.

આ ચાર દિવસની યાત્રા દરમિયાન, વૈશ્વિક પ્રતિનિધિઓ પ્રોજેક્ટ પ્રવાસો, પરોપકારી પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાજ્યના અગ્રણી નેતાઓ સાથે વિવિધ બેઠકોમાં ભાગ લેશે. લાયન્સ કલબ ઈન્ટરનેશનલના પૂર્વ ઈન્ટરનેશનલ ડિરેક્ટર પ્રવીણ છાજેડે જણાવ્યું હતું કે, "લાયન્સ ઈન્ટરનેશનલ બોર્ડ એવા પ્રદેશોની મુલાકાત લે છે, જ્યાં અસાધારણ કાર્ય થઈ રહ્યું છે અને અમદાવાદ તેનું ઉત્તમ ઉદાહરણ છે. અમારા પ્રોજેક્ટ્સ માત્ર તેમના કદમાં જ નહીં, પરંતુ સામુદાયિક સેવાની ભાવનામાં પણ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. અમે અમારા કાર્યને શેર કરવામાં અને અમારા આંતરરાષ્ટ્રીય સાથીદારો સમક્ષ ગુજરાત અને ભારતની સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રદર્શન કરવામાં ખુબજ ગૌરવ અને આનંદ અનુભવી રહ્યા છીએ.

# દુનિયાનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે ભારત : IMFચીફ

**(એજન્સી) નવી દિલ્હી,** ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે પોતાનું વર્ચસ્વ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. હવે, ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF) એ પણ ભારતના ખૂબ વખાણ કર્યા છે. આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં યોજાનારી IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક બેઠક પૂર્વે, IMF ચીફ ક્રિસ્ટાલિના જૉર્જીવાએ ભારત વિશે મોટી વાત કહી. તેમણે જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક વિકાસની પદ્ધતિઓ બદલાઈ રહી છે અને ભારત હવે દુનિયાના ગ્રોથ એન્જિનતરીકે ઉભરી રહ્યું છે.

ભારતને વિશ્વનું ગ્રોથ એન્જિન ગણાવતા, IMF પ્રમુખ ક્રિસ્ટાલિના જૉર્જીવાએ કહ્યું કે, દેશે પોતાને સાબિત કર્યો છે અને સાહસિક આર્થિક નીતિઓ વડે શંકા કરનારાઓને ખોટા સાબિત કર્યા છે. તેમણે આ પ્રશંસા એવા સમયે કરી જ્યારે વૈશ્વિક વિકાસનું અનુમાન પૂર્વ-મહામારી સ્તરથી નીચે જઈ રહ્યું છે. જૉર્જીવા મુજબ, મધ્યમ ગાળામાં વૈશ્વિક વિકાસ દર કોરોના મહામારી પહેલાના ૩.૭%થી ઘટીને લગભગ ૩% રહેવાનો અંદાજ છે. ચીન જેવા દેશોની વૃદ્ધિ દરમાં ઘટાડો થઈ રહ્યો હોવા છતાં, ભારત કમાલ કરીને ગ્રોથ એન્જિન બની રહ્યું છે.

ક્રિસ્ટાલિના જૉર્જીવાએ ભારતીય અર્થતંત્રના વખાણ કરતાં માળખાકીય સુધારાઓ, ખાસ કરીને દેશવ્યાપી ડિજિટલ ઓળખ લાગુ કરવાને સાહસિક સફળતા ગણાવી.

તેમણે કહ્યું કે, તેઓ ભારતના સાહસિક પ્રયાસોથી ખૂબ ઉત્સાહિત છે. ઘણા લોકોએ કહ્યું હતું કે ભારતમાં મોટા પાયે ડિજિટલ ઓળખ પત્ર લાગુ કરવું અશક્ય છે, પરંતુ દેશે આવા બધાને ખોટા સાબિત કરી દીધા છે.

# દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઇન્ડીઝને હરાવીને ભારતે સિરીઝ ૨-૦થી જીતી લીધી




**(એજન્સી) નવી દિલ્હી,** ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતાં ૨-૦થી ક્લિન સ્વીપ કર્યું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ભારતે સાત વિકેટથી જીતી લીધી છે. ભારતીય ટીમે રમતના પાંચમા અને અંતિમ દિવસ (૧૪મી ઓક્ટોબર)ના પહેલા સત્રમાં જ જીત માટેનો ૧૨૧ રનનો લક્ષ્યાંક આસાનીથી હાંસલ કરી લીધો હતો. ભારતની જીતમાં યુવા ખેલાડીઓ કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપ યાદવે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝના બેટિંગ ક્રમને ધ્વસ્ત કર્યો હતો. જ્યારે યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં ૧૭૫ રનની શાનદાર સદી ફટકારીને ભારતને વિશાળ લીડ અપાવવામાં મદદ કરી હતી.

## કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ ૧૭૫ રન કર્યા હતા

દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિક્લેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.

આ જીત સાથે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સીરિઝમાં જીતનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ સીરિઝ વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં ભારતને ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝ ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શક્યું નથી. નોંધનીય છે કે ભારતે સીરિઝની પહેલી ટેસ્ટ અમદાવાદમાં ૧૪૦ રનના મોટા અંતરથી જીતી હતી.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારતીય ટીમે સાત વિકેટથી જીત મેળવી હતી. ૧૨૧ રનનો ટાર્ગેટ ટીમે પાંચમા દિવસના પહેલા સેશનમાં જ મેળવી લીધો હતો. કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ સદી (૧૭૫ રન) ફટકારી હતી. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી ક્લીન સ્વીપ કરી દીધું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ તેની પહેલી ઈનિંગ ૫૧૮/૫ પર ડિકલેર કરી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે તેની પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે તેની પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી અને ફોલો-ઓન લાગુ કર્યું હતું.

# ગોધરામાં ૨૫ હજાર કે.વી. રેલવે વીજ કેબલ તૂટ્યો : ગ્રામજનોની સમય સૂચકતાથી મોટી જાનહાની ટળી

## નાગરિકોએ જીવ ના જોખમે ટ્રેનના પાયલટને એલર્ટ કર્યા



(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

**(પ્રતિનિધિ) ગોધરા,** પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પંડિયાપુરા ગામ નજીક આવેલ રેલ્વે ફાટક પાસે આજે એક ગંભીર ઘટના બની હતી. મળતી માહિતી મુજબ, ભગીરથ માઈનસ ખાતે થયેલા બ્લાસ્ટ દરમિયાન પથ્થર હવામાં ઉડીને રેલ્વેની ૨૫ હજાર કેળો હાઈ ટેન્શન વીજ કેબલ ઉપર પડ્યો, જેના કારણે કેબલ તૂટી પડ્યો હતો.આ અચાનક બનેલી ઘટનાથી ગોધરા-આણંદ સેક્શન વચ્ચેનો રેલ વ્યવહાર સંપૂર્ણ રીતે ખોરવાઈ ગયો છે. હાઈ ટેન્શન વીજ પુરવઠો ખોરવાતા કેટલાંક રેલવે સિગ્નલ અને ઓપરેશનલ સિસ્ટમ પર પણ અસર જોવા મળી છે.

ઘટનાની જાણ થતાં જ રેલ્વે વિભાગના ઈજનેરો, ટેકનિકલ ટીમો તેમજ ગોધરા રેલવે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. તાત્કાલિક તકેદારીના ભાગરૂપે વીજ પુરવઠો બંધ રાખીને દુરસ્તીનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સ્થળ પર પંચમહાલ જિલ્લા પોલીસ તેમજ રેલવે અધિકારીઓની હાજરીમાં તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક અનુમાન મુજબ, માઈનસ વિસ્તારમાં થયેલો બ્લાસ્ટ પૂરતી સુરક્ષા પ્રક્રિયા વિના કરવામાં આવ્યો હતો, જેના કારણે આ દુર્ઘટના બની હોવાનું મનાય છે.

હાલ રેલ વ્યવહાર ધીમો પડ્યો છે, અને ટ્રેનોને નજીકના સ્ટેશનો પર રોકી રાખવામાં આવી છે. રેલ્વે અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વીજ કેબલની મરામત પૂર્ણ થયા બાદ જ વ્યવહાર સામાન્ય સ્થિતિમાં આવશે. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાને લઈ ભારે ચકચાર મચી ગઈ છે, કારણ કે કેબલ તૂટ્યા બાદ થોડો સમય વીજ ચમક તથા અવાજો પણ સંભળાયા હતા. સદનસીબે, કોઈ જાનહાનિ થયેલી નથી.

રેલવે અને પોલીસ બંને વિભાગ આ મામલે સંયુક્ત તપાસ શરૂ કરી છે, તેમજ ભગીરથ માઈનસ સંચાલકો પાસેથી પણ વિગતવાર માહિતી લેવામાં આવી રહી છે.

# બિહારમાં ૭૧ બેઠકો પર ભાજપે જાહેર કર્યા ઉમેદવારોના નામ

**(એજન્સી)પટના,** ભારતીય જનતા પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે. પહેલી યાદીમાં ૭૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, તારકિશોર પ્રસાદ, રેણુ દેવી, પ્રેમ કુમાર, મંગલ પાંડે જેવા નામો પ્રથમ યાદીમાં છે.

## નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી

ભાજપે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતાની પહેલી યાદી જાહેર કરી છે, જેમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. પાર્ટીના વરિષ્ઠ નેતા સમ્રાટ ચૌધરીને તારાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રામ કૃપાલ યાદવને પણ દાનાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદી મુજબ, નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી છે. રત્નેશ કુશવાહાને પટના સાહિબથી ચૂંટણી લડવાની તક આપવામાં આવી છે. આ યાદીમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. NDAમાં બેઠકોની વહેંચણી પછી ભાજપને ૧૦૧ બેઠકો મળી છે. બાકીની બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત બીજી યાદીમાં કરવામાં આવશે.

નંદ કિશોર યાદવ ઉપરાંત, રીગાથી મંત્રી મોતીલાલ પ્રસાદની ટિકિટ કાપવામાં આવી છે. ઔરાઈથી રામસૂરત રાયની ટિકિટ કાપવામાં આવી છે. MLC અને આરોગ્ય પ્રધાન મંગલ પાંડેને સિવાનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદીમાં અન્ય અગ્રણી નામોમાં રેણુ દેવી (બેતિયા), પ્રમોદ કુમાર સિંહા (રક્સૌલ), શ્યામબાબુ પ્રસાદ યાદવ (પિપરા) અને નીતિશ મિશ્રા (ઝંઝારપુર)નો સમાવેશ થાય છે. કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક બાદ આ યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

બિહાર વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો માટે યોજાશે. જાહેરનામું બહાર પડતાની સાથે જ નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૧૭ ઓક્ટોબર છે, જ્યારે નામાંકન પત્રોની ચકાસણી ૧૮ ઓક્ટોબરે થશે. ઉમેદવારો ૨૦ ઓક્ટોબર સુધી પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી શકે છે

પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો પર મતદાન થશે.

# ઉસ્માનપુરા અંડરપાસ પાસે ડ્રેનેજમાં પડી જતા યુવકનું મૃત્યુ

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદના ઉસ્માનપુરા અંડર પાસ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગટર લાઈનના રિહેબની કામગીરી ચાલી રહી છે. ગટરની આસપાસ પતરાની આડાશ મૂકી અને કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે ગટરમાં એક યુવકનું પડી જતા મૃત્યુ થયું છે. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ દ્વારા યુવકની લાશને બહાર કાઢવામાં આવી છે. સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે. હાલ યુવકના મૃતદેહને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગટર લાઈનની સફાઈ કામગીરી કરતો હતો તે દરમિયાનમાં ગટરમાં પડી ગયો હતો.

## મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રી-હેબની કામગીરી કરવામાં આવતી હતી

મ્યુનિસિપલ કોર્પોરેશનના ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ ઉસ્માનપુરા અંડરપાસ ખાતે ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે. ગટરના રિહેબિલિટેશનની કામગીરી રાત્રે ચાલતી હતી. જે કામગીરી દિવસે બંધ હતી. રિહેબના પીટમાં તેઓના કામમાં દિવસે કામ કરતી કોન્ટ્રાક્ટ એજન્સીનો દેખરેખ રાખી રહેલો યુવક અકસ્માતે પડી જતા મોત થયું હોવાનું સામે આવ્યું છે. કેપિટલ એન્જિનિયરિંગ નામની કંપનીને ગટર રીહેબિલિટેશનની કામગીરી સોંપવામાં આવી છે. દિવસ દરમિયાન બેથી ત્રણ માણસો જગ્યા પર ધ્યાન રાખવા માટે મૂકવામાં આવતા હોય છે ત્યારે સવારથી યુવક ગુમ થયો હતો જે અંગેની ફરિયાદ કરવામાં આવી હતી અને ત્યારબાદ ગટરમાં પડી ગયો હોવાની શંકાના આધારે પોલીસને અને ફાયરને જાણ કરવામાં આવતા ગટરમાં તપાસ કરતા યુવકનું મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે અને તેનું નામ અભિષેક હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

# શાહપુરમાં સ્વદેશી અપનાવોના સંદેશ સાથે બાળકોને દીવા અને તારામંડળ વિતરણ કરાયા



**અમદાવાદ,** શાહપુર યુવકમંડળના ઉપક્રમે દિવાળીના તહેવારોમાં ઘરે ઘરે સ્વદેશી દીવા પ્રગટાવીને આત્મનિર્ભર ભારત બનાવવાના સંકલ્પને સાર્થક કરવાના શુભ આશયથી નાગરિકો અને મ્યુનિસિપલ શાળાના બાળકોને દીવા વિતરણ અને તારામંડળ વિતરણનો કાર્યક્રમ દરિયાપુરના સેવાભાવી ધારાસભ્ય કૌશિકભાઈ જૈનની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

શાહપુર યુવક મંડળના પ્રમુખ અને ગુજરાત યુનિવર્સીટીના પુર્વ ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસારે સમગ્ર કાર્યક્રમની વિગતોમાં જણાવ્યું હતું કે દિવાળીના અંધકારથી ઉજાસ તરફ લઈ જતા પર્વે શાહપુરમાં વસતા નગરજનોને અને મ્યુનિ. શાળા નં-૧ ના બાળકોને દીવા વિતરણ કરવામાં આવ્યું હતું. શાહપુર શાળા નં-૧ અને ૧૫ ના ૪૦૦ જેટલા બાળકોને તારામંડળનું વિતરણ કરી દિવાળીના પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

દિવા વિતરણના શુભ કાર્યક્રમમાં કાર્યકરો રાજેશ શુકલ, ભરતભાઈ ભાવસાર, ભરતભાઈ પ્રજાપતિ, જે.સી.ભાવસાર, દિનેશભાઈ ભાવસાર, ભીખાભાઈ, પીન્ટુ ભાવસાર, બિપીનભાઈ મોદી, શૈલેષ ભાવસાર, ડો. અશ્વિન ભાવસાર, નિલેશભાઈ ભાવસાર સહિત યુવાનો જોડાયા હતાં.

# વલસાડ જિલ્લામાં નવરચિત નાનાપોંઢા તાલુકા ખાતે જિલ્લા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો



**(પ્રતિનિધિ) નાનાપોંઢા,** વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકા ખાતે એન.આર.રાઉત સાર્વજનિક માધ્યમિક શાળાના પ્રાર્થના હોલમાં માજી મંત્રીશ્રી અને કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના "રવિ કૃષિ મહોત્સવ – ૨૦૨૫"ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે માજી મંત્રી અને ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ ખેડૂતોને ખેતીવાડીને લગતી સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા માહિતગાર કર્યા હતા. તેઓએ ખેડૂતોને જણાવ્યું કે, ખેડૂતોને પાક નુકસાની થાય ત્યારે તેમણે ખેતીવાડી વિભાગને જાણ કરવી જોઈએ, સરકાર દ્વારા ખેડૂતોને નુકસાન વળતર આપવામાં આવે છે. ખેડૂતોને વધુમાં વધુ વીજ જોડાણનો લાભ લેવા જણાવી કહ્યું કે, હવે ઝડપથી વીજ જોડાણ મળી જાય છે. વીજળી મળવાથી સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતા ખેતી લીલીછમ હરિયાળી રહે છે. જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષશ્રી મિતેશ પટેલે ખેડૂતોને યોજનાકીય લાભ લેવા જણાવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિક ડો. રીટા આર પટેલે ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન અને ડો. ચેતના એમ પટેલે બાગાયતી પાકોમાં નવીનતમ ટેકનોલોજીના ઉપયોગ અંગે ખેડૂત મિત્રોને માર્ગદર્શન આપ્યુ હતું. ખેડૂત દેવુભાઈ રામુભાઈ દાધવે પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે વકતવ્ય આપ્યુ હતું. ૧૫ જેટલા ખેડૂતોને રાજ્ય સરકારની ખેતીલક્ષી યોજના જેવી કે, સ્માર્ટ ફોન, પંપ સેટ્સ અને ટ્રેકટર સહિતના સાધનોની સહાયનું વિતરણ કર્યુ હતું. આ પ્રસંગે આત્મા દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષાએ બેસ્ટ ખેડૂતોને મહાનુભાવોના હસ્તે એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ સુલોચના કુરકુટીયા, તાલુકા પંચાયતના સભ્ય ભગીરથ ગાંવિત અને કલાવતી પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, પ્રાંત અધિકારીશ્રી આર.સી.પટેલ તેમજ ગામના સરપંચ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ. કે . ગરાસિયાએ કર્યુ હતું. જ્યારે આભારવિધિ મદદનીશ ખેતી નિયામક તુષાર પટેલે કરી હતી. આ ઉજવણીને સફળ બનાવવા માટે ગ્રામ સેવકો અને વિસ્તરણ અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.


# Indo Us Bio-Tech Limited

CIN: L01122GJ2004PLC043550
**Regd. Office:** 309, Shanti Mall, Satadhar Char Rasta Opp. Navrang Tower, Sola Road Ahmedabad GJ 380061 Tel: +91 079-27491807
Email: indouscs@gmail.com; Website: https://indousagriseeds.com;

## NOTICE OF POSTAL BALLOT

Members are hereby informed that pursuant to the provisions of Section 110 and other applicable provisions, if any, of the Companies Act, 2013 ("the Act") read together with Rules 20 and 22 of the Companies (Management and Administration) Rules, 2014 (including any statutory modification(s) or re-enactment(s) thereof, for the time being in force) ("Rules"), Regulation 44 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (the "SEBI Listing Regulations"), General Circular Nos. 14/2020 dated 8th April, 2020, 17/2020 dated 13th April, 2020, 20/2020 dated 5th May, 2020, 22/2020 dated 15th June, 2020, 33/2020 dated 28th September, 2020, 39/2020 dated 31st December, 2020, 10/2021 dated 23rd June, 2021, 20/2021 dated 8th December, 2021, 3/2022 dated 5th May, 2022, 11/2022 dated 28th December, 2022, 9/2023 dated 25th September, 2023, 09/2024 dated 19th September, 2024 and 03/2025 dated 22nd September, 2025 issued by the Ministry of Corporate Affairs, Government of India ('MCA Circulars'), Secretarial Standard on General Meetings ("SS-2") (as amended) issued by the Institute of Company Secretaries of India and any other applicable law, rules and regulations (including any statutory modification(s) or re-enactment(s) thereof, for the time being in force), Indo Us Bio-Tech Limited ("the Company") was on **Tuesday, 14th October, 2025** completed the dispatch of the Postal Ballot Notice ("the Notice") through email for seeking their approval by way of special resolution in respect of the business mentioned in the Notice dated **14th October, 2025.**

As per Section 108 of the Companies Act, 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 (as amended) and Regulation 44 of SEBI (Listing Obligation and Disclosure Requirements),Regulations, 2015 (as amended) (including any statutory modification(s) or re-enactment(s) thereof, for the time being in force), the Company is pleased to provide its shareholders the facility to cast their vote on the resolutions set forth in the Notice through electronic voting system ("REMOTE E-VOTING") of NSDL.

Pursuant to Rule 20 of the Companies (Management and Administration) Rules 2014 (as amended), the Company further informs all Members that:

a) The Special Business set out in the Notice may be voted electronically.
b) The date of Completion of sending of Notice on Tuesday, 14th October, 2025.
c) The Voting rights of the Members shall be in proportion to the Equity Shares held by them in the paid up Equity Shares Capital of the Company as on Cut-off date i.e. 10th October, 2025.
d) The cut- off date for determining the eligibility to vote by remote e-voting is 10th October, 2025. A person whose name is recorded in the Depositories as on cut-off date only shall be entitled to avail the facility of remote e-voting.
e) The remote e-voting period commences on Wednesday 15th October, 2025 at 9:00 a.m. IST and will end on Thursday, 13th November, 2025 at 5:00 p.m.
f) The voting through electronic means shall not be allowed beyond 5:00 p.m. on 13th November, 2025.
g) The Postal Ballot Notice, together with Explanatory statement, Remote E-voting instructions and the process of e-mail registration of non-registered members to avail Postal Ballot Notice & Procedure for "Remote E-voting" in terms of MCA Circulars is available on the Company Website -https://indousagriseeds.com/ and on e-Voting Agency website https://www.evoting.nsdl.com/.
h) In light of the MCA Circulars, members who have not registered their email address may get their email address registered with Company's Registrar and Share Transfer Agent i.e. Bigshare Services Private Limited and thereafter enter required details. Member(s) may also intimate the same to the Company by writing an email at indouscs@gmail.com. The members shall provide the following information in the email-
**Full Name:**
**No of shares held:**
**PAN:**
**DP ID & Client ID:**
**Email id to be registered and Mobile No.:**
i) Post successful registration of the email, the member would get soft copy of the notice and the procedure for e-voting along with the User ID and Password to enable e-voting for this Postal Ballot. In case of any queries, member may write to indouscs@gmail.com or evoting@nsdl.com
j) Members are however requested to register their email addresses, in respect of electronic holdings with their concerned Depository Participants and in respect of physical holdings, with the Company's Share Transfer Agent i.e. Bigshare Services Private Limited.
k) In terms of MCA Circulars, voting can be done only by Remote-E-voting. As the Remote E-voting does not require a person to attend to a meeting physically, the members are strongly advised to use the Remote E-voting procedure by themselves and not through any other person/proxies. The Company will send Postal Ballot Notice in electronic form only and hard copy of Postal Ballot Notice along with Postal Ballot Forms and pre-paid envelop will not be sent to the members for this Postal Ballot and members are requested to communicate their assent and dissent through "Remote E-voting" system only.
l) In case shareholders/ investor have any queries regarding E-voting, you may refer the Frequently Asked Questions ('FAQs') and i-Vote e-Voting module available at https://www.evoting.nsdl.com/, under download section or you can email us to evoting@nsdl.com or call us at: 1800 22 54 22. Alternatively, you may also contact by writing an email to indouscs@gmail.com.

**For and on behalf of the Board of Directors of Indo Us Bio-Tech Limited**
SD/- Jagdish Ajudia
Managing Director
DIN-01745951

**Date** : 15-10-2025
**Place** : Ahmedabad


## જાણીતા પીઢ કલાકાર અનિલ શાહ પોટ્રેટ- ચિત્રોનું

# અમદાવાદની ગુફા ખાતે 'ધ ગોલ્ડન જર્ની' પ્રદર્શનનું આયોજન

**અમદાવાદ,** જાણીતા પીઢ કલાકાર અનિલ શાહે તેમના કલાત્મક પ્રવાસની અડધી સદીની ઉજવણી કરવા ૧૫થી ૧૯ ઓક્ટોબર સુધી અમદાવાદની ગુફા ખાતે એમની 'ધ ગોલ્ડન જર્ની' પ્રદર્શિત કરી છે આ પ્રદર્શનમાં એક જીવંત કલાત્મક સંગ્રહ છે જેમાં ચિત્રકાર અનિલ શાહની વિકાસયાત્રા છે. રંગશૈલી અને ભાવનાત્મક કલાનો અનુભવ થઈ શકશે. જાણીતા કલાકાર અને કવિ માધવ રામાનુજે આ શોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રદર્શની અંગે પત્રકાર પરિષદને સંબોધતા પીઢ કલાકાર અનિલ શાહે તેમના અનુભવોને વર્ણવતા જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં તેમણે ૭૦૦ થી ૮૦૦ જેટલા પેઈન્ટીંગ બનાવ્યા છે આ પ્રદર્શન મારા ૫૦ વર્ષની યાત્રાનું પ્રતિબિંબ છે અને મારા કેટલાક સર્વોત્તમ કાર્યોને પ્રદર્શિત કરે છે ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈના ચિત્ર પર સહી કરાવવા ગયો ત્યારે શિસ્તના કડક આગ્રહી તેમણે ખાદીના કપડા પહેરીને આવવા જણાવ્યુ હતું. ત્યાર પછી તેમણે પોતાની જ પેનથી સહી કરી હતી તો પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે પણ આશિર્વાદ આપ્યા હતા. તો તારક મહેતા ફેઈમ કલાકારો સાથે મુલાકાત કરી હતી જયારે હાલમાં તેઓ જીરાફ વિશે વિશેષ પોટ્રેટ-ચિત્રો બનાવવા પર ભાર મૂકી રહયા છે. ભગવાન શ્રીનાથજીનું છેલ્લુ ચિત્ર તેમણે બનાવ્યુ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# વર્લ્ડ કપને હજુ ઘણો સમય, વર્તમાન ઉપર ધ્યાન આપો : ગૌતમ ગંભીર

**નવી દિલ્હી,** વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી ટેસ્ટ સીરિઝ જીત્યા બાદ ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે વરિષ્ઠ ખેલાડીઓનું ભવિષ્ય, યુવા કૅપ્ટનશિપ અને સોશિયલ મીડિયા ટ્રોલિંગ સહિત ઘણાં મહત્ત્વના મુદ્દાઓ પર પોતાના મંતવ્યો સ્પષ્ટ કર્યા હતા.

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે રોહિત શર્મા અને વિરાટ કોહલીના ૨૦૨૭ ODI વર્લ્ડ કપમાં રમવા અંગેના સવાલો પર ધ્યાન દોરતા કહ્યું કે, ૫૦ ઓવરનો વર્લ્ડ કપ હજુ લગભગ અઢી વર્ષ દૂર છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને શાનદાર ખેલાડીઓ છે. મને આશા છે કે તેઓ સારું પ્રદર્શન કરશે, પરંતુ હાલ માટે વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્ત્વપૂર્ણ છે.

જો કે, તેમણે ખેલાડીઓને ટીમમાંથી બહાર રાખવા અંગે ભાવનાત્મક અભિગમ વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈ ખેલાડીને ટીમમાંથી બહાર રાખવો એ મારા માટે ખૂબ જ ભાવનાત્મક નિર્ણય છે. નીતિશ રેડ્ડી જેવા યુવા ખેલાડીઓને પણ તક મળવી જોઈએ.

## કોઈ ખેલાડીને ટીમમાંથી બહાર રાખવો એ મારા માટે ખૂબ જ ભાવનાત્મક નિર્ણય છે : ગૌતમ ગંભીર

કૅપ્ટન તરીકે પડકારજનક તબક્કામાંથી પસાર થઈ રહેલા શુભમન ગિલને ગંભીરે સંપૂર્ણ સમર્થન આપ્યું. તેમણે કહ્યું, તે કૅપ્ટન તરીકેના દરેક ધોરણને પૂર્ણ કરે છે. કોઈએ તેને કૅપ્ટન બનાવીને તેના પર ઉપકાર નથી કર્યો, તે સંપૂર્ણ હકદાર છે. તેણે તેના કાર્યો અને શબ્દો દ્વારા બધાનું સન્માન મેળવ્યું છે. ગૌતમ ગંભીરે યુવા ખેલાડીઓ અને ખાસ કરીને હર્ષિત રાણાને સોશિયલ મીડિયા પર નિશાન બનાવવાની ઘટનાઓ પર ઊંડો રંજ વ્યક્ત કર્યો. તેમણે ટ્રોલર્સ પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે, આ શરમજનક છે કે લોકો ૨૩ વર્ષીય ખેલાડી(હર્ષિત રાણા)ને ફક્ત તેની યુટ્યુબ ચેનલ ચલાવવા માટે નિશાન બનાવી રહ્યા છે. તે ૩૩ વર્ષનો ખેલાડી નથી જે ટ્રોલ્સનો સામનો કરી શકે.

ભાવુક થઈને ગૌતમ ગંભીરે કહ્યું, મને નિશાન બનાવો, હું ઠીક છું, પરંતુ આ બાળકોને છોડી દો. આ ફક્ત તેના વિશે નથી, તે દરેક યુવા ખેલાડી વિશે છે. પ્રદર્શન મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેમને આ રીતે નિશાન બનાવી શકાય નહીં. આને રોકવાની આપણી નૈતિક જવાબદારી છે.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર